
ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 1 • અંકઃ 6 • તારીખઃ 3 થી 9 જૂન, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રીઃ ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ





ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 1 • અંકઃ 6 • તારીખઃ 3 થી 9 જૂન, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રીઃ ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ

## સાંકળિયું


### કાવ્યધારા

1. હર શ્વાસ કસોટી છે - રાજેન્દ્ર શુકલ
2. માર્ગની આ ધૂળને - મેહુલ
3. મુક્તક – કરસનદાસ લુહાર, સતીષ ‘નકાબ’

### વાર્તા

ચોર...ચોર...ચોર...! - હરિશ્ચંદ્ર

ચાલો કુદરત સાથે જોડાઈએ - પર્યાવરણ દિવસ વિશેષ

### પુસ્તક પરિચય - અલકેશ પટેલ

“Marching with a Billion – Analysing Narendra Modi’s Government at Midterm by Uday Mahurkar”



- પ્રકાશકઃ ન્યૂઝવ્યૂઝ.કોમ વતી ધીમંત પુરોહિત
- આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :
  dhimantaajtak@gmail.com
- અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર • કવર ફોટોઃ વિશ્વ પર્યાવરણ દિવસ

---

# હર શ્વાસ કસોટી છે

સામાય ધસી જઇયે, આઘાંય ખસી જઇયે,
એકાદ મળે ક્ષણ તો ક્ષણમાંય વસી જઇયે.
આમેય વિતાવવાની છે રાત સરોવરમાં,
તો ચાલ કમલદલમાં આ રાત ફસી જઇયે.
એકેક કસોટીમાં છે પાર ઉતરવાનું,
હર શ્વાસ કસોટી છે, એનેય કસી જઇયે.
આ ફીણ તરંગોનાં છે શીખ સમંદરની,
રેતાળ કિનારા પર હેતાળ હસી જઇયે.
ઉત્કંઠ હવામાં છે સંગાથ સુગંધોનો,
હોવુંય હવે ઉત્સવ, આકંઠ શ્વસી જઇયે.

- રાજેન્દ્ર શુકલ

---

---

મારા સ્મરણ પ્રદેશની લીલાશ છો તમે
ને શુષ્ક શ્વાસમાં ભળી ભિનાશ છો તમે
માળાની ઝંખના નથી મારા વિહંગને
મુજ શ્વાસમાં લિંપાયું એ આકાશ છો તમે

--- કરસનદાસ લુહાર

---

-----------------------------------

મા ર્ગની આ ધૂળને

માર્ગની આ ધૂળને શું ઉન્નતિ કે શું પતન?
સર્વનાં ચરણો તળે ચંપાઈ જાવું એ જીવન.
પાનખરનો અંચળો ઓઢી બહારો કાં રૂએ?
એ ખરે જાણી ગઈ છે મારા જેવાનુંય મન.
જે મસ્તી હોય આંખોમાં સુરાલયમાં નથી હોતી
અમીરી કોઈ અંતરની મહાલયમાં નથી હોતી
શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે?
જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી

- મેહુલ

-----------------------------------

-----------------------------------

સૌંદર્યના એ પૃથ્થકરણમાં શું મજા ?
હર કોઈ વિષયમાં તું ગણતરીથી ન જા
એક ફૂલની સુંદરતા ને સૌરભ તો માણ
પાંખડીઓને ગણવામાં નથી કોઈ મજા

- સતીષ ‘નકાબ’

-----------------------------------

## ચોર...ચોર...ચોર...! - હરિશ્ચંદ્ર

મુંબઈની લોકલ ટ્રેનમાં મુસાફરી કરવી એ ભારે કઠણ કામ છે. બસ, ગિરદી જ ગિરદી ! પાકીટમારોનો તડાકો. રોજ ઊતરતાં-ચઢતાં ચાર-પાંચના પાકીટ તો ગયાં જ હોય. તે દિવસે હું ઊતર્યો ને લેડીઝ ડબ્બા આગળથી અવાજ સંભળાયો – ‘ચોર...ચોર...ચોર....!’ બધાંની નજર તે બાજુ. એક બહેન ડબ્બામાંથી ઊતરીને ઉદાસ ચહેરે ઊભાં હતાં. એમનું પાકીટ ચોરાયું હતું. તેમાં ઘણું બધું ગયું હશે, એમ લાગતું હતું. પણ ચોર કાંઈ એમ પકડાય ? ઉંદરની જેમ એ તો ક્યાંય સરકી જાય! તેવામાં મારી નજર એક દસ-બાર વરસની છોકરી પર પડી. નીચી નજર રાખી કાંઈક બ્હાવરી-બ્હાવરી એ ઊલટી દિશામાં જતી હતી. હાથમાં દુપટ્ટા નીચે કાંઈક સંતાડતી હતી. હું તેની પાછળ-પાછળ ચાલ્યો. તેને શંકા ગઈ એટલે તેણે ચાલ ઝડપી કરી. મેં પણ ઝડપથી ચાલવા માંડ્યું. છેવટે મેં તેના હાથમાંથી પાકીટ ઝૂંટવી લીધું. એ ગભરાઈ ગઈ. ‘કેમ પાકીટ ચોર્યું ? પોલીસને બોલાવું?’

‘નહીં, નહીં સાહેબ....! ગજબ થઈ જશે...’ એ હાથ જોડીને લગભગ રડી પડી.

‘તો આવું કામ કેમ કર્યું ?’

‘સાહેબ, સાચું કહું છું. મારી મા હૉસ્પિટલમાં છે. તેની દવા માટે ત્રણસો-ચારસો રૂપિયાની જરૂર હતી.’

‘ચાલ, હું તારી સાથે હૉસ્પિટલ આવું છું. ડૉક્ટરને મળીશ. દવા માટે પૈસા જોઈતા હશે તે દઈશ.’

‘તો, તો બહુ સારું, સાહેબ !’

‘મા શું કરે છે ? અને તું ?’

‘મા એક કારખાનામાં પેકિંગનું કામ કરે છે. હું આઠમી ચોપડીમાં ભણું છું.’

‘કારખાનાના માલિક પાસેથી પૈસા ન લીધા ?’

‘સાહેબ, માલિક પાસે માગવા ગઈ હતી. પણ માલિક કહે, તારી મા અગાઉથી જ ઘણા બધા ઉછીના લઈ ગઈ છે. મેં બહુ આજીજી કરી, પણ ન આપ્યા. છેવટે મારે આ કરવું પડ્યું.’

છોકરી મને લબાડ ન લાગી. તેના બોલવા પર મને વિશ્વાસ બેઠો. મેં તેને મારી પાસેથી ચારસો રૂપિયા આપ્યા. ‘લે, આ દવા માટે. પાકીટ તો હું પેલી બહેનને પાછું આપીશ. તું કાલે દસ વાગે આ જ જગ્યાએ આવીને ઊભી રહેજે.હું આવીશ. જરૂર હશે તો વધારે મદદ કરીશ.... નામ શું તારું ?’

‘અલકા.’ એ મને હાથ જોડી પગે લાગીને ગઈ. મેં ઑફિસે પહોંચી પાકીટ ખોલીને

ઑફિસે આવી પાકીટ લઈ જવા કહ્યું. બહેન આવ્યાં. પાકીટ પાછું મળ્યું તેથી રાજી-રાજી થઈ ગયાં. 'થેંક્યૂ વેરી મચ ! આમાં ક્રેડિટ કાર્ડ, કાલે જ નવો કઢાવેલો ત્રણ મહિનાનો પાસ અને હજાર-દોઢ હજાર રૂપિયા હતા. તમારો બહુ જ આભાર !' મેં એમને છોકરીની બધી વાત કરી. કાલે બોલાવી છે, એમ પણ કહ્યું.

'તમને લાગે છે, એ ફરી આવશે ?'

'મને વિશ્વાસ છે કે એ આવશે. મને એ છોકરી સાચી લાગે છે.'

'તો હું પણ દસ વાગે આવીશ.'

બીજે દિવસે હું નક્કી કરેલી જગ્યાએ ગયો. છોકરી ત્યાં આવીને ઊભી હતી. તેવામાં પેલાં બહેન પણ આવતાં જણાયાં. એમને જોતાં જ છોકરી ગભરાઈને આઘી-પાછી થવા જતી હતી, પણ મેં તેને રોકી.

'ચાલ, આપણે હોસ્પિટલ જઈશું ?'

'હા, સાહેબ ! તમારે લીધે મારી માને વખતસર દવા આપી શકાઈ. માને આજે ઘણું સારું લાગે છે. હવે દવા માટે માત્ર એકસો રૂપિયા જોઈએ છે. પણ તે તમારી પાસેથી નથી લેવા. હું તો ફક્ત તમને કહેવા આવી છું. તમે આવવા માગો તો જરૂર મારી સાથે આવો.'

તેવામાં પેલાં બહેન પહોંચ્યાં એટલે હાથ જોડીને એમને કહેવા લાગી, 'માફ કરજો, બાઈ સાહેબ ! જોઈએ તો મને બે તમાચા ચોડી દો. હું ફરી ક્યારેય ચોરી નહીં કરું.'

બાઈએ તેનો કાન પકડ્યો. તેને પાસે લીધી, તેને માથે હાથ ફેરવ્યો. 'કાલે મેં તને મારી બાજુમાં જોઈ હતી. ચોર જેવી લાગતી નહોતી. કાંઈ નહીં. મારી તરફથી આ ત્રણસો રૂપિયા લે. માની દવા માટે વાપરજે. એને માટે કાંઈક ફળ લઈ લેજે.'

'નહીં મૅડમ ! ખરે જ જરૂર નથી. મેં તમને ત્રાસ આપ્યો. પણ દવા માટે મારે ગમે તેમ કરીને પૈસા જોઈતા હતા. હું વાજ આવી ગઈ હતી. મને કાંઈ સૂઝતું નહોતું. ખરું કહું છું તમને. દવા જોઈતા પૈસા લઈ હું પાકીટ પરત કરી દેત. મને માફ કરી દો !'

'સારું, સારું આ લઈ લે !'

'નહીં, મૅડમ !'

'લે છે કે પછી પોલીસને બોલાવું ?'

'ના, નહીં. તમારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું – કહી એ અમને બંનેને પગે લાગીને જવા લાગી. મેં એને પાછી બોલાવી. 'જો અલકા ! મારું આ કાર્ડ છે. તેમાં સરનામું અને ફોન નંબર છે. ક્યારેય કાંઈ કામ પડે તો મને જણાવજે.'

'અને તારાં પુસ્તકો, ભણવા વગેરે માટે મારી પાસેથી દર મહિને પૈસા લઈ જજે. ખૂબ ભણજે. હવે અમે તને દત્તક લીધી છે, એમ માનજે.'

અલકાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. ફરી અમને બંનેને પગે પડી એ જતી રહી. (શ્રી મનોહર ભાનતની મરાઠી વાર્તાને આધારે)

## ચાલો કુદરત સાથે જોડાઈએ

ઈન્ટરનેટની શોધ થઈ ત્યારે દુનિયાના ડાહ્યા માણસોએ ચિંતા વ્યક્ત કરી હતી કે માણસ જો આ ઈન્ટરનેટની દુનિયામાં ખોવાઈ જશે તો પરિવાર અને કુદરતથી દૂર જતો જશે. એ સ્થિતિ ધીમેધીમે હકીકત બની રહી હતી એવામાં સેલફોનનો આવિષ્કાર થયો અને ડાહ્યા માણસોની એ ચિંતા વાસ્તવિક્તામાં પલટાઈ ગઈ. આજે ખાસ કરીને શહેરી બાળકો ઈન્ટરનેટ અને સેલફોન- સ્માર્ટફોનમાં ખોવાઈને એ હદે એકાંગી બની રહ્યાં છે કે તેમના તંદુરસ્ત ભવિષ્યની ચિંતા કરવી પડે એવી છે. બાળકો સ્માર્ટ બની રહ્યાં છે, પરંતુ સાથે શારીરિક રીતે કાંતો મેદસ્વી અથવા માયકાંગલા બની રહ્યા છે કેમકે તેમના જીવનમાં સ્કૂલમાંથી આવ્યા પછી કોઈ શારીરિક પ્રવૃત્તિ રહી નથી. દસેક વર્ષ પહેલાં બાળકો સાંજ પડયે અથવા રજાના દિવસોમાં બહાર ખુલ્લામાં રમતાં હતાં એ દૃશ્યો જાણે હવે ઝડપથી અદ્રશ્ય થઈ રહ્યાં છે. આ સ્થિતિને ધ્યાનમાં લઈને જ આ વર્ષે 5 જૂન ને વિશ્વ પર્યાવરણ દિવસને "Connecting People to Nature" – અર્થાત લોકોને કુદરત સાથે જોડવા એવું થીમ નક્કી કરવામાં આવ્યું છે. આ થીમને ધ્યાનમાં રાખીને આપણે સૌએ કુદરત સાથે ફરી જોડાવાની જરૂર છે. આ માટે દરરોજ શક્ય ન હોય તો રજાના શહેરની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં, નજીકના કોઈ પહાડી વિસ્તારમાં, નજીકના કોઈ કુદરતી તળાવ-સરોવર કિનારે જવું જોઈએ અને કુદરતને તેના અસલ સ્વરૂપમાં જોવી-માણવી જોઈએ. આ જવાબદારી દેખીતી રીતે માતા-પિતા કે વડીલોની છે. શક્ય હોય તો રાત્રિના સમયે પણ આવા વિસ્તારમાં રહેવું જોઈએ જેથી આકાશ દર્શન પણ થઈ શકે, કેમકે શહેરી બાળકોએ રાત્રે આકાશનું સૌંદર્ય માણ્યું હશે કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન છે.


તો ચાલો, આજે કમ-સે-કમ એટલું નક્કી કરીએ કે મહિને – બે મહિને કે છેવટે છ મહિને એક વખત બાળકોને આવા કોઈ કુદરતી વાતાવરણમાં લઈ જઈને તેમને કુદરત સાથે જોડેલા રાખીશું..

– અલકેશ.

# • પુસ્તક પરિચય – અલકેશ પટેલ •

## Marching with a Billion - Analysing Narendra Modi's Government at Midterm by Uday Mahurkar

એવું નથી કે ભારતમાં સરકારની રચના છેલ્લા ત્રણ વર્ષમાં જ થઈ છે. એવું પણ નથી કે સરકારની કામગીરીની સમીક્ષા ન થતી હોય... આ બધું પહેલાં પણ હતું, પરંતુ હાલ જે ઈન્ટેન્સ (તીવ્રતા) થી સમીક્ષા થાય છે એવી સમીક્ષા નહોતી થતી. સરકાર એક-બે-ત્રણ... વર્ષ પૂરાં કરે ત્યારે અખબારોમાં જાહેરખબરો આપી દે અને બે-ચાર ચેનલમાં બુદ્ધિજીવીઓ ચર્ચા કરે અને વાત પૂરી થઈ જાય. પરંતુ નરેન્દ્ર મોદી સરકાર આવી ત્યારથી તમામ માધ્યમો વાર્ષિક સમીક્ષા તો કરે જ છે, પરંતુ આ સરકારનાં દરેકે દરેક પગલાં ઉપર મીડિયા અને સોશિયલ મીડિયાની નજર રહે છે. તે ઉપરાંત સુપ્રસિદ્ધ પત્રકારો અને વિદ્વાનો આ વિશે પુસ્તકો પણ લખે છે. આવું જ એક પુસ્તક તાજેતરમાં પ્રકાશિત થયું છે - Marching with a Billion – Analysing Narendra Modi's Government at Midterm. આ પુસ્તકના લેખક વરિષ્ઠ પત્રકાર ઉદય મહુરકર છે.




આ પુસ્તકનું લોકાર્પણ 26 મે, 2017 એટલે કે મોદી સરકારના ત્રણ વર્ષ પૂરા થયા એ દિવસે જ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે કરવામાં આવ્યું હતું અને તેની પ્રથમ નકલ પણ રાષ્ટ્રપતિને સુપરત કરવામાં આવી હતી.

છેલ્લા કેટલાક દાયકાથી ઈન્ડિયા ટુડે સામયિક સાથે સંકળાયેલા ઉદય મહુરકરે Marching with a Billion – Analysing Narendra Modi's Government at Midterm પુસ્તકમાં નરેન્દ્ર મોદી સરકારના દાવા, ચૂંટણી વચનો અને ત્રણ વર્ષમાં તેના અમલ, તેની સફળતા-નિષ્ફળતા અંગેની વિસ્તૃત છણાવટ કરી છે.

જનધન યોજના હોય કે ડિજિટલ ઈન્ડિયા હોય, માળખાકીય સુવિધાઓનો વિકાસ હોય કે પછી સ્વચ્છતા અભિયાન હોય, ભારતની વિદેશ નીતિની વાત હોય કે દેશની આંતરિક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હોય... દરેક વિષય પર ત્રાજવાનું પલ્લું બરાબર રાખીને સમીક્ષા કરી છે. નરેન્દ્ર મોદી સરકારના સૌથી મોટા નિર્ણય એટલે કે ડીમોનેટાઈઝેશન- નોટબંદીનો મુદ્દો કોઈપણ સમીક્ષકની નજરમાંથી કેવી રીતે બચી શકે?

આ પુસ્તકને વાંચવાલાયક અને વિશ્વાસપાત્ર બનાવે એવા બે મુદ્દા ખાસ છે – એક તો દરેક પ્રકરણમાં અને દરેક વિષય ઉપર દેશના નાગરિકોને સાંકળવામાં આવ્યા છે, તેમની વાતને કેસ સ્ટડી રૂપે લેવામાં આવી છે, ઉપરાંત જે તે વિષયના વિદેશી નિષ્ણાતોનો અભિપ્રાય પણ તેમાં સંમિલિત કરવામાં આવ્યો છે. આ વાતનું પ્રમાણ એ ઉપરથી પણ મળે છે કે દરેકે દરેક પ્રકરણ માટે લેખકે કોની કોની સાથે વાતચીત કરી છે, કોના કોના અભિપ્રાય લીધા છે, કયા કયા મૂળસ્રોતનો આધાર લીધો છે તેના સ્પષ્ટ ઉલ્લેખ પુસ્તકને અંતે મળી રહે છે. અને આ બાબત જ પુસ્તકને વધારે રસપ્રદ બનાવે છે.

પુસ્તકની પ્રસ્તાવના ક્લોસ સ્વાબે લખી છે. ક્લોસ સ્વાબ વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સ્થાપક અને અધ્યક્ષ છે. મૂળ જર્મનીના શ્રી સ્વાબની આ સંસ્થા આખા વિશ્વના અર્થતંત્ર અને તેના પ્રવાહો ઉપર ચાંપતી નજર રાખે છે અને એ સંદર્ભમાં તેમણે આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે એ ઘણું સૂચક બની જાય છે. આ પુસ્તક વિશે વિશ્વના ચાર દેશના વડાએ તેમના અભિપ્રાય આપ્યા છે એટલું  નહીં પરંતુ નરેન્દ્ર મોદી સરકાર અને તેના નેતૃત્વ હેઠળ ભારત હાલ ક્યાં છે અને કઈ દિશામાં આગળ વધી શકે તેમ છે એ જાણવું હોય આ પુસ્તક અચૂક વાંચવું જોઈએ તેમ પણ આ મહાનુભાવો કહે છે. તેમાં અફઘાનિસ્તાનના પ્રમુખ અશરફ ઘની, બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીના, ફ્રાન્સના પ્રમુખ ફ્રાન્કો ઓલાંદ તથા કેન્યાના પ્રમુખ ઉરુરુ કેન્યાટ્ટાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભારતમાં આઈટી ક્ષેત્રના ટોચના ઉદ્યોગપતિ એન. આર. નારાયણમૂર્તિએ પણ પુસ્તકના ભરપૂર વખાણ કર્યા છે.

Marching with a Billion – Analysing Narendra Modi's Government at Midterm

લેખકઃ ઉદય મહુરકર

પ્રકાશકઃ પેંગ્વીન-વાયકિંગ

પૃષ્ઠઃ 234

કિંમતઃ રૂ. 499

(આ પુસ્તકની ઈ-બુક પણ ઉપલબ્ધ છે.)